સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સ-મૂળો નાશ ન થાય ત્યાં સુધી માનસે નહીં !
છે લાતોનું ભૂત, એ સંવાદથી માનસે નહીં -
માનસે નહીં સૂલેહથી, છે બગલમાં છૂરી -
છે ચીનનું ચાગલું, પાકિસ્તાન માનસે નહીં...

હાઈકુ

સેના ના 'બોલે'
રમે છે ઈમરાન -
મારે છે છગ્ગા...

હોય ના છતાં
લઈ જાય છે રન -
છમકલાંથી...

ચિંતન

કિં કુલેન વિશાલેન વિદ્યાહીનસ્ય દેહિનઃ ।
અકુલીનોઽપિ વિદ્યાવાન્દેવૈરપિ સ પૂજ્યતે ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવે છે.

વિદ્યા વિનાનો મનુષ્ય ભલે ને ઊંચા કુળનો હોય તો પણ એના ઊંચા કુળથી શું ફાયદો ? વિદ્યાવાન મનુષ્ય ભલેને ઊંચા ને ઊંડા કુળનો ન હોય છતાં પણ દેવો તેને પૂજે છે.

માણસનો જન્મ ઉચ્ચ કે નીચ કુળમાં થયો હોય મહત્ત્વનું નથી પણ તે વિદ્યાવાન-સંસ્કારી અને વિવેકી હોય તે મહત્ત્વનું છે.

ઉચ્ચ કુળમાં જન્મે અને નિરક્ષર મૂર્ખ હોય તો પણ શું કામ નું ?

નીચાં કુળમાં જન્મી સંસ્કારી અને વિદ્યાથી વિનયી બને તે જ કુલીન કહેવાય છે.

સુવિચાર

- કરુણામાંથી પ્રગટેલો ધર્મ કદી ખતમ નથી થતો - **રોહિત શાહ**
- જો તમે નહીં બદલાવ તો અંતે વાસ્તવિકતા તમારા પર તે પરિવર્તન ઠોકી બેસાડશે ? - **સ્ટુઅર્ટ વાઈલ્ડ**
- ઈશ્વર પ્રાપ્તિની અપેક્ષા પણ ખરી પડે અને મોક્ષની કે સ્વર્ગની લાલચ પણ છૂટી જાય ત્યાર પછી આપણી પાસે જે ઉમદા તત્ત્વ રહે એને હું ધર્મ સમજું છું - **રમણ મહર્ષિ**
- ચમત્કારો આપણે તેને કેટલા ઈચ્છીએ છીએ, તેના પ્રમાણમાં બનતા હોય છે - **વર્નર હીલ્સે**
- સાચું જ્ઞાન એ નથી જેમાં દેહની ઉપેક્ષા થતી હોય,
  સાચુ જ્ઞાન એ છે જેમાં દેહને દેવળનું સ્ટેટ્સ મળતું હોય - **સ્વામી સચ્ચિદાનંદ**
- જગતમાં મહાન બનવાની સ્પર્ધા નથી થતી, મહાન સાબિત થવાની જ સ્પર્ધા થતી રહે છે - **મહેશ દવે**
- આજનું ઔષધ : જાંબુનો સરકો બે-બે ચમચી સવાર-સાંજ પીવાથી ભૂખ ઊઘડે અને અરુચિ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લાં નસરૂદ્દીન નદી કિનારે ઊભા ઊભા શાંતિથી નદીનો પ્રવાહ જોઈ રહ્યા હતા. ત્યાં તેમનો પડોશી હુસેન આવી ચડ્યો. તેણે બળાપો કાઢવો શરૂ કર્યો : મુલ્લા, હું તો હેરાન-પરેશાન થઈ ગયો છું, શેઠ સરખો પગાર આપતાં નથી. ઘરમાં પત્ની કંકાક કરે છે. છોકરાં ભણતા નથી, કહ્યું માનતા નથી. કરિયાણાનો વેપારી ઉઘરાણી કરે છે. દૂળવાળો વધુ ઉધાર આપવા તૈયાર નથી. જીવનમાં કોઈ કામ સરખું ચાલી રહ્યું નથી. હું તો નદીમાં આપઘાત કરવા આવ્યો છું. અને મુલ્લા, તમારા ઘરમાં પણ હાંલ્લા કુસ્તી કરે છે, તમે કેમ સાવ બેફિકર થઈને નદી કિનારે ઊભા રહી આનંદમાં રહી શકો છો? મુલ્લાએ કહ્યું, 'હુસેન, નદીમાં વહી જતું પેલું ઘાસ જોયું ?' હુસેને કહ્યું, 'હાં'. મુલ્લાએ કહ્યું, 'એ ઘાસ આમ કે તેમ જવા ફાંફા મારે છે ખરું ?' હુસેને કહ્યું, 'ના'. એટલે મુલ્લાએ કહ્યું, 'એ ઘાસ વહેતું વહેતું કદાચ કિનારે પહોંચી જાય અને તેમાંથી નવું ઘાસ ઊગે કે પછી એ વહીને દરિયામાં ડૂબી જાય, પણ આમ કે તેમ જવા હવાતિયા મારતું નથી એ ઘાસ જ મારું ગુરું છે, જે મને શીખવે છે કે ઝાંવાં ન મારવાં, નદીના પ્રવાહ સાથે વહેતા જવું. તું ય માથાકુડ છોડ અને જીવનના પ્રવાહમાં વહેવા માડ, આપોઆપ શાંતિ મળશે.' મુલ્લાનો ઉપદેશ સાંભળી હુસેને આપઘાતનો વિચાર પડતો મૂક્યો.

હવે, જળશક્તિ પ્રતિ પ્રસ્થાન

તંત્રીસ્થાનેથી...

નીતિ આયોગ આમ તો જૂના આયોજનપંચનું જ મોદીબ્રાન્ડ સ્વરુપ છે. પરંતુ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી એને બિનજરૂરી અને અર્થહીન સંસ્થા માને છે જેમાં કેન્દ્ર સરકાર એની મરજી મુજબના કાર્યક્રમોનું રાજય સરકારો પાસે અમલીકરણ કરાવવાનો આગ્રહ રાખે છે. નીતિ આયોગની પહેલી જ બેઠકમાં તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ અને પંજાબના કોંગ્રેસી મુખ્યમંત્રી અમરિંદર સિંહ પણ કોઈને કોઈ બહાનું બતાવી ગેરહાજર રહ્યા. પોતાનાં રાજયોને વિશિષ્ટ રાજયનો દરજ્જો અપાવવા ઓડિશા, તેલંગાણા અને બિહારના મુખ્યમંત્રીઓ સંસદમાં અલગ ચોકો માંડી સંયુક્ત રજૂઆત કરે એવી શક્યતા પણ છે. રાક્ષસી બહુમતી સાથે ચૂંટાયેલી મોદી સરકાર માટે આવા ઊહાપોહ હાસ્યાસ્પદ જ બની રહેવાના છે. જેને કંઈક મેળવવું હશે એને સાનુકૂળ વર્તન - વ્યવહાર કરવાની તૈયારી રાખવી પડશે. મોદી કોઈની દાદાગીરી સામે ઝૂકે એ વાતમાં માલ નથી. એમણે ૨૦૨૪ સુધીનો સ્પષ્ટ જનાદેન મેળવી લીધો છે, ભલે વિપક્ષોએ બેરોજગારી, ખેડૂતોના પ્રશ્નો કે વડાપ્રધાનની કોઈ પણ પ્રશ્નનો જવાબ નહીં આપવાની કૂટનીતિ સામે ગમે તેટલી કાગારોળ મચાવી હોય. એમની વિરુદ્ધ અભદ્ર આક્ષેપો કર્યા હોય, રાફેલ કૌભાંડથી લઈ અંગત જીવન સુધી એમની ઈમેજ ખરડવાની કોશિશ થઈ પરંતુ એમના પેટનું પાણી હાલ્યું નહીં. એ હાથીની ગતમાં જ ચાલતા અને મહાલતા રહ્યા. ચૂંટણી પતી ગઈ છે, સરકાર બની ગઈ છે એટલે ચાલો હવે 'ઈલેકશન મોડ'માંથી સહિયારા પ્રયત્નો દ્વારા 'ડેવલપમેન્ટ મોડ' માં આવીએ - એવા પોઝિટિવ અભિગમ સાથે મોદીએ એમની પ્રથમ સરકારે જે રીતે સ્વચ્છતા ઝુંબેશ લાવી હતી એ જ તર્જ પર જળ જુંબેશ ચલાવવાનો નિર્ણય કર્યો છે. સ્વચ્છતા ઝુંબેશનો સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો છે એટલું તો વિરોધીઓ પણ કબૂલે છે. ખુલ્લામાં શૌચ ક્રિયા કરતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. મહિલાઓએ મોદીને ઉમળકાપૂર્વક વોટ આપ્યા એની પાછળ રસોડામાં ગેસ સિલિન્ડર અને ઘરમાં શૌચાલય પહોંચ્યું એ બે બાબતોએ ભાગ ભજવ્યો હતો. હવે મોદીનું ધ્યાન ઘેર ઘેર નળ કનેકશન આપવા તરફ ગયું છે. મહિલાઓને પીવાનું પાણી બેડા ભરીને દૂર સુદૂર આવેલા જળસ્રોતથી ઊંચકી લાવવું પડે તે વિશ્વની મહાશક્તિ બનવા થનગની રહેલી ભારત જેવી લોકશાહી માટે મોટી શરમ જ ગણાય. ગુજરાતમાં ઘેરઘેર નળ કનેકશન પહોંચાડવાનું કામ પાણી પુરઠવા વિભાગ અંતર્ગત 'વાસ્મો' જેવી સ્વાયત્તં સંસ્થા કરે છે. વડાપ્રધાને એમની નવા ઉપાડવાનો પ્રસ્તાવ કર્યો છે. નીતિ આયોગ આખરે તો મોદીની 'મન કી બાત' નો જ પડઘો પાડતું રહેશે. સ્વચ્છતા ઝુંબેશનાં તેમ જ અન્ય વિકાસ કાર્યક્રમોનાં લક્ષ્યાંકો ગાંધી સાર્ધ શતાબ્દી પૂરી થાય તે પૂર્વે હાંસલ કરવાનો અને આઝાદીના અમૃત મહોત્સવ વર્ષ ૨૦૨૨ સુધીમાં વિકાસના નવા આયામ સિદ્ધ કરવાની સંકલ્પશક્તિ સાથે વડાપ્રધાને મુખ્યમંત્રીઓનું જૂથ રચી કામે લાગી જવા હાકલ કરી છે. 'જલશક્તિ' નામના નવા વિભાગ મારફત ૨૦૨૪ સુધીમાં ગામે ગામ દરેક ઘરને નળ કનેકશન મારફત પીવાનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ કરાવાશે તો તે મોદીની પાઘડીનું વધુ એક મોરપિચ્છ બની રહેશે અને ૨૦૨૪માં થનારી લોકસભાની ચૂંટણી વખતે એમની તરફેણનો મુદ્દો બની રહેશે.

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ ૨૦૧૩

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

જુદા જુદા વિસ્તારમાં આગનું જોખમ નિવારવા માટે તેમજ વ્યક્તિના જીવન અને મીલ્કતની સલામતી તેમજ રક્ષણ માટે સરકાર દ્વારા ગુજરાત અગ્નીનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ ૨૦૧૩ નો કાયદો અમલમાં મુકેલ છે. આ અધિનિયમ મુજબ સરકારી અધિકૃત અધિકારીને ઈમારતો, શાળાઓ, જાહેર મનોરંજનની જગ્યાઓ, વેર હાઉસીસ, બીલ્ડીંગના માલીકોને આગના જોખમ સામે સાવચેતી લેવાની જરૂર છે.

દરેક બીલ્ડીંગ, હોસ્પિટલ માટે નેશનલ બીલ્ડીંગ કોડ લાગુ કરવામાં આવ્યો છે અને ફરજીયાત પણે પ્રીવેન્શન પ્રોટેકશન સીસ્ટમનું પાલન કરવામાં આવે છે. ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટ ૧૯૭૬ મુજબના જીડીસીઆર અને નેશનલ બીલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયા ૨૦૦૫ પ્રમાણે ફાયર પ્રીવેન્શન એન્ડ પ્રોટેકશન સીસ્ટમ લગાવવી ફરજીયાત છે જે નિયમો મુજબ બીલ્ડીંગના ધાબા ઉપર બાંધકામ થયેલું ન હોવું જોઈએ. ધાબુ એકદમ ખુલ્લુ હોવું જોઈએ જેથી આગ લાગે તો જલ્દીથી ઉપર ખસેડી શકાય.

ધાબા ઉપર જવાના રસ્તાને તાળા ના મારેલા હોવા જોઈએ, પાર્કિંગના સ્થળે કોઈપણ જાતનું ઓપીડી, કાફેટેરીયા, રેસ્ટોરન્ટ, કેન્ટીન, સ્ટોરેજ ન હોવું જોઈએ.

પાર્કિંગના સ્થળનો ઉપયોગ માત્ર વાહન પાર્કિંગ માટે જ થવો જોઈએ, પાર્કિંગના સ્થળે જવલનશીલ પદાર્થ ન મુકવો જોઈએ જેથી આગ લાગવાની સંભાવાનાઓ ના રહે. દરેક દાદર અને મુખ્ય પેસેજ ખુલ્લા હોવા જોઈએ, કોમન પેસેજ પરના પેન્ટીલેશન ખુલ્લા હોવા જોઈએ જેવી આગ લાગે તો ધુમાડો આસાનીથી બહાર જઈ શકે.

હોસ્પિટલના પેસેજના બે રૂમ સામે સામે હોય તો તેમાં સ્ટ્રેચર આસાનીથી અંદર જઈ શકે તેટલી ખુલ્લી જગ્યા હોવી જોઈએ. સ્ટ્રેચર સાથે વ્યક્તિ લઈ જવા માટેની કુલ જગ્યા ઓછીમાં ઓછી ૧૦ ફૂટ હોવી જોઈએ તો જ આગની ઘટનામાંથી દર્દીને સ્ટ્રેચરમાં આસાનીથી બહાર લઈ જઈ શકાય.

મુખ્ય પેસેજમાં કોઈ વસ્તુની આડાશ ન મુકવી જોઈએ જેથી બહાર નિકળવામાં કોઈને તકલીફ ન થાય. નર્સીંગ હોમ, હોસ્પિટલમાં ફાયર સેફટીની સુવિધા ફરજીયાત હોવી જોઈએ.ફાયર સેફટી ચાલુ હાલતમાં રહે તે માટે તેનું નિયમીત મેન્ટેનન્સ કરાવવું જરૂરી છે. હોસ્પિટલ કે નર્સીંગ હોમના ધાબા અન્ય વ્યક્તિને વેચી શકાય નહિ.

હોસ્પિટલના દરેક સ્ટાફને આગ લાગે તો શું કરવું તેની તાલીમ આપવી જોઈએ. વિજ વાયરો ખુલ્લા ના હોવા જોઈએ. જલનશીલ પદાર્થ કે કેમીકલ પણ ખુલ્લુ ના રાખવું જોઈએ. આગ લાગે તો ગુગળામણ ના થાય તે માટે બારી, બારણા ખુલ્લા રાખવા જોઈએ. દર વર્ષે ફાયર સેફટીની ચકાસણી કરી સર્ટીફિકેટ મેળવવું જઈએ.

ટોટલ સ્કેવા ફીટ મીટર પ્રમાણે ફાયર સેફટીના સાધનો મુકવા જોઈએ. બીલ્ડીંગની આજુબાજુની જગ્યા ખુલ્લી રાખવી જોઈએ જેથી ફાયરના વાહનો પ્રવેશી શકે. આગ લાગે ત્યારે મુખ્ય વિજ પ્રવાહ બંધ કરી અલગથી વિજ પ્રવાહની વ્યવસ્થા કરવી જોઈએ જેથી ફાયર સાધનો ચાલી શકે.

ગુજરાત ફાયર લાયન્સ એ કાયમી સલામતીનું જરૂરી ડોકયુમેન્ટ છે જે એન.ઓ.સી. તરીકે પણ ઓળખાય છે શહેરી વિકાસ અને શહેરી ગૃહ વિભાગ ગુજરાત સરકાર ફાયર લાયસન્સ માંગણી કરેલ સ્થળ માટે પ્રમાણિત કરવા માટે અધિકૃત સંસ્થા છે. ગુજરાતમાં ગુજરાત સરકાર પ્રીવેન્શન અને લાઈફ સેફટી મેઝર્સ એકટ ૨૦૧૩ માં વિવિધ પ્રકારના વ્યવસાયો માટે ફાયર લાયસન્સની આવશ્યકતા હોય છે. ફાયર લાયસન્સનું મુખ્ય કાર્ય સલામતીના માન્ય નિયમોનું પાલન કરવું અને વ્યવસાયના અનુરૂપ સાબીત કરવાનું હોય છે.

ગુજરાત ફાયર લાયસન્સનું મહત્વ તમામ ઈમારતો અથવા જગ્યાઓ અથવા કબજો જેમ કે ગુજરાત ફાયર પ્રીવેન્શન એકટ હેઠળ માન્ય ફાયર લાયસન્સ ધરાવતા હોવા જોઈએ. માલીક અથવા ડેવલોપર્સ અથવા પ્રમોટર અથવા બીલ્ડર જયારે જગ્યા વેચાણ કરે ત્યારે કે ભાડાપટ્ટે કોઈ ઈમારત આપતા હોય અથવા મકાનનો કબજો અથવા પરવાનગી આપતા હોય તે વખતે માન્ય ગુજરાત ફાયર લાયસન્સ હોવું જરૂરી છે.

વ્યવસાય શરૂ કરવા માટેની કરવી પડતી પ્રક્રિયાઓમાંની એક પ્રક્રિયા પુરી કરવી જ પડે અથવા પરવાનગી માટે પ્રમાણપત્ર મેળવવું જ પડે છે.

ઓપરેટીંગ સીનેમા હોલ અને મલ્ટીપ્લેકસની પરવાનગી કોઈપણ વ્યવસાય, વેપાર અથવા ધંધો ફકત ત્યારે જ રીન્યુ કરવામાં આવતું હોય જયારે માન્ય ફાયર સુરક્ષા પ્રમાણપત્ર ધરાવતા હોય.

બીલ્ડીંગો માટે ગુજરાત ફાયર લાયસન્સના નિયમો મુજબ ૧૮ મીટરથી ૨૫ મીટરના મકાનો, ૨૫ મીટરથી ઉપર અને ૪૫ મીટરથી ઉપર સુધીની ઈમારતો ઉંચાઈમાં ૪૫ મીટરથી વધુ ઉંચી ઈમારત મલ્ટીપ્લેક્ષ થીયેટર્સ, હોલ, કામચલાઉ મંડપ, સર્કસ, ગોદામ, સ્ટોરેજ, ઉંચી ઈમારતો, બીલ્ડીંગો કે પેટ્રોલીયમ ઉત્પાદનો નિયંત્રણ વર્ગ અ, બ અને ક હેઠળ આવતા હોય કે રસાયણ સંગ્રહ કરતી હોય, વિસ્ફોટકો સંગ્રહ અને ઉત્પાદન તેમજ સોલવંટ સંગ્રહ કરતા હોય તો આવા એકમોને ખાસ ફાયર સેફટી લાયસન્સની જરૂરીયાત રહેતી હોય છે.

ફાયર નિવારણ અને ન્યુનત્તમ ધોરણો ગુજરાત ફાયર કાયદા હેઠળ આવશ્યક ઈમારતો માટે આગ નિવારણ અને જીવન સલામતીના પગલા અધિનિયમ મુજબ ઈમારતોનો પ્રવેશ, સંખ્યા, પહોળાઈ, ઈમારતોનો પ્રકાર અને બહાર જવાનો માર્ગ, કમ્પાર્ટમેન્ટેશન, સ્મોક મેનેજમેન્ટ સીસ્ટમ,

અનુસંધાન પાના નં ૭ પર

છેલ્લા શ્વાસ સુધી હું હરિયાળો રહી શકું...

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

એક પંખી, સાવ ગમાર. આખો દિવસ ઉડાઉડ, નવા નવા ફળની શોધ, ઉંચે ગગનમાં ઉડવું ને ભૂખ લાગે તો ખાવું... આવો એનો ધંધો!

રાજ્યના રાજાને લાગ્યું, ''અરે! આ તો કઈ પંખી છે? આવું પંખી કંઈ કામનું નહીં, આ તો ખાલી વનનાં ફળ ખાઈને રાજ્યને નુકસાન કરે છે.

એને તો મંત્રીઓને બોલાવ્યા અને પૂછ્યો હલ, ''આ પંખીનું શું કરીએ?'' એક મંત્રી કહે, ''મહારાજ ! એને શિક્ષણ આપો તો કઈ કામનું થશે.''

રાજાએ પોતાના વિશ્વાસુ, ભાણેજને પંખીને શિક્ષણ આપવાનું કામ સોપ્યું. પંડિતોએ એક જગ્યાએ બેસીને ઊંડો (!) વિચાર કર્યો અને શિક્ષણનીતિ ઘડી કાઢી. શોધ્યું એના અજ્ઞાનનું મૂળ, ''અરે! પંખી મામૂલી ઘાસ તણખલાંનો માળો બાંધે, એવા માળામાં તે વિદ્યા કેટલીક રહે? એટલે સૌથી પહેલી જરૂર તેને એક પાંજરું બનાવી આપવાની છે.''

અને હલ શોધનારને મોટું ઈનામ પણ અપાયું કે તેણે શિક્ષણની નવી જ દિશા ખોલી આપી ! સોનીને હુકમ થયો કે પાંજરું બનાવો. એને ય વળી એવું તો પાંજરું બનાવ્યું કે દૂર દૂરથી લોકો પાંજરું જોવા આવ્યા! સોનીના વખાણનો તો કોઈ પાર નહિ. કોઈક કહેતું કે, ''શિક્ષણ તો જોરદાર ચાલે છે!'' તો કોઈ કહે, ''શિક્ષણ મળે કે ન મળે પણ પાંજરું તો મળ્યું ને ! પંખીનું નસીબ જોરમાં છે !'' પાંજરાના બહુ વખાણ થયા તો સોનીને પણ ઈનામો મળ્યા ! એક મહાપંડિતને તેને શિક્ષણ આપવા બોલાવાયા. આવતાવેત તેમને કહ્યું કે

''આ એક-બે ચોપડીથી કઈ ના આવડે, વધુ દળદાર પુસ્તકો જોઈએ''

રાતોરાત બધા મંડી પડ્યા નવા પુસ્તકો બનાવવા. થોડાક સમયમાં તો પંખી કરતા સો ઘણડ પુસ્તકોનો ઢગલો થઈ ગયો!

લોકો તો આ જોઈને આભા જ થઈ ગયા. ''વાહ! વાહ! શું શિક્ષણ છે !'' ધમધોકાર રીતે પંખીનું શિક્ષણ ચાલવા લાગ્યું. તેના પાંજરાની તો જીવથી ય વધુ કાળજી લેવાતી. તેની સફાઈ, રંગકામ, પોલીસકામ, નવી ડીઝાઈન, નવા સાજ શણગાર, જયારે જુઓ ત્યારે ચાલુ જ હોય! તેના માટે કેટલાય માણસોને રોકવામાં આવ્યા હતાં, અને એના કરતાંયે વધારે માણસોને એમના પર નજર રાખવા માટે રોકવામાં આવ્યા હતા. હવે તો સૌ બોલી ઉઠ્યા કે ''હાશ! હવે પંખીનો સર્વાંગી વિકાસ થશે.''એક દિવસ એક અદેખા માણસે રાજાને કહ્યું કે પંખીનું શિક્ષણ બરાબર નથી થતું ! રાજાએ તો બોલવ્યો તેમના ભાણેજને ''આ હું શું સાંભળું છું?, કેટલાક લોકો મને કહે છે કે તમે પાંજરાની વધુ દેખરેખ રાખો છો પંખીની નહિ!'' ભાણેજે ઠંડા કલેજે જવાબ આપ્યો.

''અરે!, એ લોકોને પંખીની ઊછળકૂદથી મળતું મનોરંજન બંધ થઈ ગયું છે એટલે વાંધા વચકા કાઢે છે. બાકી પૂછો આ સોની, લુહાર, પંડિતજી, સાફ સફાઈ કરનાર- આ બધા શિક્ષણના જાણકાર છે.'' રાજા તરત સંતોષ પામી ગયો પણ પછી તેણે જાતે જ શિક્ષણ જોવા જવાનું નક્કી કર્યું.

રાજા પહોચ્યો ત્યાં તો બધાએ ભેગા મળીને એવી વ્યવસ્થા કરી દીધી કે વાત ના પૂછો ! કોઈ ગોખાવતું હોય, તો કોઈ ગવડાવતું હોય, તો કોઈ શીખવતું હોય નાચ !, તામ જામ, નવા નવા કવર ચઢાવેલા જુના જુના પુસ્તકોનો ખડકલો ! વળી વધારાની દસ બાર પોથીઓ પણ મૂકી. રાજા તો પ્રસન્ન થઈ ઈનામ આપી પાછો વળતો હતો ત્યાં જ પેલો અદેખો બોલ્યો

''મહારાજ ! પંખીને મળ્યા?'' રાજા પંડિતજીને કહે ''અરે હા! એ તો યાદ જ ન આવ્યું. પંખીને જોવાનું તો રહી ગયું. ચાલો તમે કેવી રીતે ભણાવો છો તે જોઈએ.'' રાજાએ જોયું તો શિક્ષણની પદ્ધતિ પંખીના કરતાં એટલી મોટી હતી કે ,પંખી ક્યાંય દેખાતું નહોતું. પદ્ધતિ જોઈ મનમાં થાય કે પંખીને ન જોઈએ તોય ચાલે. રાજાને ખાતરી થઈ ગઈ કે યોજનામાં કંઈ ખામી નથી.

હવે, પાંજરામાં નથી દાણા કે નથી પાણી ! માત્ર ઢગલો પોથીઓમાંથી ઢગલો પાનાં ફાડીને કલમની અણીએ એ પંખીના મોંમાં ઠાંસવાનું કામ ચાલી રહ્યું છે. ગીત તો બંધ જ થઈ ગયું હતું,ને હવે તો પંખીનો અવાજ પણ બહાર નથી આવતો ! બિચારૂ પંખી, જો કદાચ પોતાના સ્વભાવ પ્રમાણે પાંજરામાં પાંખો ફફડાવે તો કહે, ''આ ગેરશિસ્ત !'' કોઈ વાર પાંજરાને ચાંચ મારીને મુક્ત થવા ઈચ્છે તો કહે ''આને એના ભવિષ્યની પડી જ નથી !''

બસ પંડિતોએ હવે તો એક હાથમાં કલમ અને બીજા હાથમાં સોટી લઈને ચલાવ્યું શિક્ષણ! અંતે સૂકા પુસ્તકોના પાના ખાઈ ખાઈને...બિચારા પંખી નું ''પંખીપણું'' મરી ગયું ...ને ભાણેજે જાહેર કર્યું કે ''પંખી શિક્ષીત થઈ ગયું''

મૂળ વાર્તા
'રવીન્દ્રનાથ ટાગોર'

૯૦૦ માણસોના આ નાનકડા ગામમાં શિવલાલભાઈ શિક્ષક તરીકે નિયુક્તિ પામ્યા હતા, અને અહીં જ નિવૃત્ત થયા. આ માણસે નિશાળને મંદિરમાં ફેરવી નાખી હતી. શિક્ષકજીવનનાં ૩૮ વર્ષોમાં એમણે માત્ર ત્રણ રજાઓ ભોગવી હતી. ૨૧ વર્ષ સુધી તો તેઓ આખી શાળામાં એક જ શિક્ષક હતા. પાંચ ધોરણ અને ૧૨૦ વિદ્યાર્થીઓની સંખ્યા. ગામનું કોઈ બાળક શાળ પ્રવેશથી વંચિત ન હતું. નિરક્ષર પ્રૌઢો માટે રાત્રિશાળા તો એ વર્ષોથી ચલાવતા. ગામમાં કેટલાક વૃદ્ધોને બાદ કરતાં કોઈ અભણ ન હતું.

૬૪ વર્ષનાં કાશીબહેન કહે છે, 'હું 'રામાયણ' વાંચતી થઈ એ શિવલાલ સાહેબનો પરતાપ.' જયારે સાક્ષરતા અભિયાનનું કોઈ નામ પણ નહોતું જાણતું, એવા સમયે આ ગામમાં ૯૦ ટકા સાક્ષરતા સિદ્ધ થઈ હતી અને એની કોઈ ધજા-પતાકા એમને કયાંક ફરકાવી ન હતી.

નિશાળનો સમય અગિયારનો અને 'સાયેબ' દરરોજ દશે નિશાળે પહોંચી જતા. બાલુ ગોરની દુકાન પાસેથી બરાબર દશ ને બાર મિનિટે નીકળતા. બાલુ ગોરની દુકાનમાં ડબ્બા ઘડિયાળ દરરોજ નવ વાગે બંધ પડી જતી. ગોરને ઘડિયાળને ચાવી દેવાનું ભુલાઈ જાય. 'સાયેબ' નીકળે ને બાપુ ગોર ઘડિયાળ મેળવે, 'હા, હવે દશ ને બાર મિનિટ થઈ હશે'ને ચાવી ભરે.

રાજયના શિક્ષણ ખાતાના એક ઉચ્ચ અધિકારી ચારેક વર્ષ પહેલાં નિશાળની મુલાકાતે આવેલા. આ પછાત ગામનાં બાળકોની સ્વચ્છતા, શિસ્ત, સંસ્કાર અને શિક્ષણની મુગ્ધ થયેલા અધિકારીએ શિવલાલભાઈને સાથે લઈ જઈ ગામ પણ જોયું. ગ્રામ ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર, ગામની સ્વચ્છતા, ગ્રામજનોની સંસ્કારિતા એ બધું ગામને આદર્શ ગામની વ્યાખ્યામાં મૂકતું હતું, એવી એને પ્રતીતિ થઈ.

અધિકારીને થયું કે, એક શિક્ષક ધારે તો શું ન કરી શકે? એણે શિવલાલભાઈને કહ્યું : 'તમને રાજયનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મળવો જોઈએ. તમે એના સાચા હક્કદાર છો. આ વર્ષે તમારી ફાઈલ મૂકો.'

'સાહેબ, મેં એવોર્ડ મેળવવા માટે કામ નથી કર્યું, મેં તો મારી ફરજ બજાવી છે પગાર લઈને.' શિવલાલભાઈએ વિનમ્રતાથી કહ્યું હતું. શિવલાલભાઈ સાથે વાતો કરતાં જાણ્યું કે તેઓ અવિવાહિત છે.

'શિવલાલભાઈ, તમે લગ્ન કેમ ન કર્યા ?' અધિકારીથી પૂછ્યા વગર રહેવાયું નહિ.

શિવલાલભાઈ હસી પડ્યા, 'સાહેબ, આ ગામમાં હું શિક્ષક તરીકે જોડાયો પછી વિદ્યાર્થી, નિશાળ અને ગામમાં સાવ ખોવાઈ ગયો. સવારે સવા દશથી શરૂ કરી સાંજના સાત સુધી નિશાળ ચલાવું. પછી ગામમાં એક આંટો મારું, ત્યાં આઠ, નવ જેવો સમય થઈ જાય... નવ વાગ્યાથી શાળાના ઓરડામાં પ્રૌઢોને ભણાવું. દરરોજ ચાલીસ-પચાસ ભાઈ-બહેનો ભણવા આવે. રાત્રે અગિયાર વાગ્યે રાંધીને જમું. રવિવારે અને રજાઓમાં બાળકોને ભણાવું. વેકેશનમાં લોકજાગૃતિ શિબિરો ચલાવું. વેકેશનમાંય ઘરે જવાનો સમય ન મળે. એમાં લગ્ન અંગે વિચારવાનું કોઈ દિવસ યાદ ન આવ્યું !'

શિવલાલભાઈ 'સાયેબ'ને નિવૃત્ત થયાને પખવાડિયું બાકી હતું. ગામ લોકોએ નક્કી કરેલું : 'સાહેબનો નિવૃત્તિ વિદાય સમારંભ ઊજવવો અને એ વખતે એમને સોનાની વીંટી પહેરાવવી. સાહેબ નિવૃત્તિ પછી પણ અહીં જ રહે તે માટે એક પાક્કું, સુવિધાવાળું મકાન તૈયાર થઈ રહ્યું હતું. ગામ લોકોએ એ માટે ફાળો કર્યો હતો. હવે એ મકાન પૂરું થવામાં હતું. આ સમારંભ વેળાએ જ સાહેબને એ મકાનમાં પ્રવેશ કરાવવો, એવું સમગ્ર ગામે વિચારી રાખ્યું હતું. મકાનની વાત હજી સુધી સાહેબથી છાની રાખવામાં આવેલી, પણ સોનાની વીંટીની વાત એ જાણી ચૂક્યા હતા. તરત જ ગામના આગેવાનોને મળ્યા. બે હાથ જોડીને કહ્યું, 'આવું કશું કરશો તો મને બહુ દુઃખ થશે. આ વરસ નબળું છે. પૂરતો વરસાદ પડ્યો નથી. માટે મને વીંટી પહેરાવવાનું વિચારશો પણ નહિ. ને સમારંભની તો વાત જ ન કરશો.''

છતાં ગામલોકો ઋણમુક્તિ માટે મક્કમ રહ્યા. કાર્યક્રમનું આયોજન તેમને ખ્યાલ ન આવે એ રીતે થતું રહ્યું. સાહેબ શનિવારે નિવૃત્ત થવાના હતા. અને રવિવારે સવારે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પેલા ઉચ્ચ અધિકારી ખાસ આવવાના હતા. રાજયના શિક્ષણ મંત્રીના હસ્તે 'સાહેબ'ને વીંટી પહેરાવવાનું નક્કી થઈ ચૂક્યું હતું.

શનિવારે સાહેબે શાળાનો ચાર્જ તેમના સહાયક શિક્ષક વિરજીભાઈને સોંપી દીધો. વિદ્યાર્થીઓ રડતા હતા. સાહેબ પણ માંડ માંડ આંસુ રોકી શક્યા.

શનિવારની રાત, નવ વાગમાં હશે. એ વખતે પંચાયતનો પટ્ટાવાળો હરજી, સરપંચના ઘર તરફ જઈ રહ્યો હતો. સરપંચ મોહનભાઈને એણે એક ચિઠ્ઠી આપી.

'પ્રિય મોહનભાઈ,

હું જાઉં છું. આ નિર્ણય મેં ઘણા સમયથી કરી રાખ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના ઊંડાણવાળા વનવિસ્તારોમાં કાથોડી નામે એક આદિવાસી જાત વસે છે. એ જાતિનાં ભાઈબહેનો આજે પણ પૂર્વ પ્રાથમિક અવસ્થામાં જીવે છે. ખેડબ્રહ્માના ભગવાનદાસ પટેલ પાસે આ આદિજાતિ વિશે જાણ્યું હતું. પછી ત્યાં જઈ એમની હાલત જોઈ, ત્યારે મારું હૃદય ચિરાઈ ગયેલું. એ જ વખતે મેં નિર્ણય કરેલો કે, નિવૃત્તિ પછીની જિંદગી એમની વચ્ચે પસાર કરીશ. મારાથી થઈ શકે એટલું બધું જ એમના માટે કરવું. તમારી સૌની ભલી લાગણીઓ પણ મારી સાથે જ છે.

છેલ્લા શ્વાસ સુધી હું હરિયાળો રહી શકું એટલો આખા ગામનો પ્રેમ મને મળ્યો છે ! તમને કોઈને કયારે નહિ ભૂલી શકું. આમ મારા એકાએક જવાથી તમે નક્કી કરેલા કામ અંગે તમને જે અડચણ પડશે, તેનો મને ખ્યાલ છે અને તે માટે આખા ગામની માફી માગું છું.

મને જાણવા મળ્યું હતું કે, તમે મારા માટે એક પાક્કું મકાન બંધાવ્યું છે. હવે એ મકાન આપણા ગામના સાવ ગરીબ માણસ જેરામભાઈને આપી દેજો. આમ કરશો, તે મને ગમશે. નિવૃત્તિ પછી કાયમને માટે ગામમાં મને રાખવાની તમારી ઈચ્છા હું પૂરી કરી શકતો નથી. ક્ષમા કરશો.

તમે એક વખતના મારા વિદ્યાર્થી છો અને હવે ગામના સરપંચ છો, તે ગામનું ભલું થાય તેવું હંમેશાં કરતા રહેશો. કયારેક તમને સૌને મળવા આવીશ ખરો.

- કરસનદાસ લુહાર

nehalgadhavi101@gmail.com

પુરી, સોમનાથ અને તિરુપતિમાં બિન-હિંદુઓ થકી દેવદર્શનનો વિવાદ

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ભારતીય બંધારણના અમલને સાત દાયકા વીત્યા પછી પણ ઉત્તર પ્રદેશના દલિત સમાજમાંથી આવતા ભણેલાગણેલા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પુરીમાં પૂજા કરવા જતાં હજુ પણ આભડછેટનો અનુભવ થાય એનાથી વરવું બીજું કયું દ્રશ્ય હોઈ શકે? સામાજિક સમરસતા અને સમાનતાનાં ઢોલ પીટનારા આપણે વાસ્તવિકતા સાથે જાણેકે દંભનાં દર્શન જ કરતા રહીએ છીએ.તમામ નાગરિકોને સમાનતાના ધોરણે લાવી મૂકવાનો આદર્શ આપણા પૂર્વજોએ કલ્પ્યો હતો,પણ આજે એનું આચરણ જોવા મળતું નથી.

વડાપ્રધાન મોદી સાથે મુખ્યમંત્રી જગન રેડ્ડીએ પણ ૯ જૂને બાલાજીનાં દર્શન કર્યાં

ઈશ્વરના મંદિરોમાં સૌ સરખાનો આદર્શ હોવા છતાં ગરીબ અને તવંગર, સામાન્ય અને વીવીઆઈપી માટે નોખાં દર્શન કરાવવાની જોગવાઈઓમાં ઈશ્વર પણ વહેંચાઈ જાય છે. ધાર્મિક કટ્ટરતાના પ્રતાપે ક્યારેક રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કે વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીને પુરીના જગન્નાથ મંદિરમાં પ્રવેશતાં રોકવામાં આવ્યાનું સાંભળ્યું હતું,પણ હજુ હમણાં સુધી રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતિક તરીકે જે સોમનાથનો રાષ્ટ્રનાયક અને સર્વસમાવેશક સરદાર પટેલે જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તેમાં કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી જેવા નેતાને વિધર્મી ગણાવીને ચૂંટણીલક્ષી રાજકારણ ખેલવામાં આવે ત્યારે તો હદ થાય છે. કોંગ્રેસનાં અધ્યક્ષા રહેલાં સોનિયા ગાંધી, આંધ્ર પ્રદેશના સદગત મુખ્યમંત્રી રાજશેખર રેડ્ડી અને એમના પુત્ર તથા વર્તમાન મુખ્યમંત્રી જગન રેડ્ડી જન્મે ખ્રિસ્તી હોવા માત્રથી તિરુપતિમાં દર્શને જાય ત્યારે નિરર્થક વિવાદ છેડાય છે. નવાઈ એ વાતની લાગે કે હજુ આજે પણ કર્ણાટકમાં પવિત્ર શૃંગેરી પીઠની સત્તાવાર વેબસાઈટ મહિસૂરના મુસ્લિમ રાજવી-પિતાપુત્ર હૈદર અલી અને ટીપુ સુલતાનને શંકરાચાર્યના ભક્ત લેખાવે છે અને આદર્શ હિંદુ સામ્રાજ્ય વિજયનગરના રાજવી કૃષ્ણદેવ રાય રાજગાદી પર પવિત્ર કુરાન રાખતા. આમછતાં વિધર્મી મંદિર પ્રવેશ કરે ત્યારે એને શંકાની નજરે જોવામાં આવે છે. નાતજાત કે ધાર્મિક ભેદભાવ ભૂલીને દેશના નાગરિકો ખરા અર્થમાં ભારતીય બની રહે એવી અપેક્ષા કરાતી હતી,પણ હવે તો વાટ અવળી જ પકડાઈ છે. ધાર્મિક વિભાજનો લોકોને વધુ આળા બનાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અજમેર શરીફમાં ચાદર ચડાવવા પોતાના મંત્રી અને હિંદુ કન્યાને પરણેલા મુખ્તાર અબ્બાસ નકવીને પાઠવે કે સાઉદી અરબના રાજવીને કેરળની સૌથી જૂની મસ્જિદની સુવર્ણમઢિત પ્રતિકૃતિ ભેટ આપે, ત્યારે બીજીબાજુ પુરી, સોમનાથ કે તિરુપતિમાં વિધર્મી કે અન્યોને પ્રવેશ આપવા અંગે વિવાદવંટોળ જાગે ત્યારે સહજ વ્યથા થઈ આવે. રાષ્ટ્રપિતા તો મુસ્લિમ સહિતના કાર્યકર્તાઓ સાથે પુરી મંદિર જઈ રહ્યા હતા ત્યારે તેમને રોકવામાં આવ્યાં હતા.એટલે જ કસ્તુરબા અને બીજા પુરીમાં જગન્નાથ મંદિરે દર્શને જાય એ વાતે બાપુ ઠપકો આપે છે.

- **મુસ્લિમો સહિતના સાથી કાર્યકરો સાથે જગન્નાથ મંદિરે જતાં મહાત્મા ગાંધીને પ્રવેશતા અટકાવાયા હતા**
- **વૈદિક વિધિથી પારસી સાથે લગ્ન કરનાર વડાંપ્રધાન ઇન્દિરા ગાંધીને પુરી મંદિરમાં જવા દેવાયાં નહોતાં**
- **તિરુપતિમાં જન્મે ખ્રિસ્તી એવાં સોનિયા ગાંધી, રાજશેખર રેડ્ડી અને જગન રેડ્ડીના પ્રવેશના મુદ્દે હોબાળા મચ્યા**
- **ચૂંટણી ટાણે સોમનાથ મંદિરમાં રાહુલ ગાંધીના પ્રવેશનો વિવાદ પણ ઓમરનાં તિરુપતિમાં નિર્વિઘ્ને દર્શન**

સમરથ કો નાહી દોષ ગુંસાઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવાર,૯ જૂન ૨૦૧૯ના રોજ તિરુપતિ બાલાજી મંદિરના દર્શને વીવીઆઈપી તરીકે જાય એઘટનાક્રમને સહજ લેખવામાં આવે,પણ એમની સાથે યજમાન તરીકે આંધ્રપ્રદેશના નવા યુવાન મુખ્યમંત્રી અને વાયએસઆર કૉંગ્રેસના સુપ્રીમો જગન રેડ્ડી પણ બાલાજી મંદિરમાં શ્રી વેંકટેશ્વર સ્વામીનાં દર્શન કરવામાં જોડાય એ વાત વિવાદવંટોળ સર્જે ખરી. અગાઉ ૨૦૧૨માં જગન બાલાજીના દર્શને આવ્યા ત્યારે પણ અહી દર્શનાર્થી તરીકે તેમના પ્રવેશ અંગે એવેળાના સત્તારૂઢ તેલુગુ દેશમ્ પાર્ટી (ટીડીપી) અને મિત્રપક્ષ ભારતીય જનતા પક્ષ (ભાજપ) ઉપરાંત હિંદુવાદી સંગઠનોએ ભારે ઉત્પાત મચાવ્યો હતો. કારણ બહુ સ્પષ્ટ છે: જગન ખ્રિસ્તી ધર્મ પાળે છે. તિરુપતિ બાલાજીના મંદિર સંકુલમાં બિન-હિંદુ દર્શનાર્થીઓને પ્રવેશ અપેક્ષિત નથી. કોઈ બિન-હિંદુ બાલાજીમાં શ્રદ્ધા ધરાવતો હોય તો તેને એક નિશ્ચિત એકરારનામાનું અરજીપત્રક ભર્યા પછી જ પ્રવેશ મળે છે. જગનના પિતા અને કૉંગ્રેસના લોકપ્રિય નેતા તથા અવિભાજ્ય આંધ્રપ્રદેશ રાજ્યના સદગત મુખ્યમંત્રી રહેલા વાય.એસ. રાજશેખર રેડ્ડી પણ ખ્રિસ્તી હોવા સાથે જ બાલાજીમાં શ્રદ્ધા ધરાવતા હતા. આ વખતે વડાપ્રધાન સાથે મુખ્યમંત્રી જગન સહિતના કેટલાક બિન-હિંદુ વીવીઆઈપી તિરુપતિ દર્શને આવ્યા પણ ઝાઝો વિવાદ સાંભળવા ના મળ્યો કારણ હવે જગન રાજ્યના મુખ્યમંત્રી છે!

બિન-હિંદુ વીવીઆઈપી શ્રદ્ધાળુ

તિરુપતિ બાલાજી મંદિરનું સંચાલન રાજ્ય સરકાર હસ્તકના તિરુપતિ તિરુમાલા દેવસ્થાનમ (ટીટીડી) થાય છે.ટીટીડીના સત્તાવાર તાજા આંકડાઓ મુજબ, ગત ૯ જૂને પણ ૭૬,૬૭૭ શ્રદ્ધાળુએ અહી દર્શનનો લાભ લીધો હતો. ૮ જૂને આ આંકડો ૯૮,૯૦૪નો હતો.દેશના સૌથી સમૃદ્ધ ગણાતા આ ટ્રસ્ટની રોજની સરેરાશ આવક ૩ કરોડ રૂપિયાથી વધુ જોવા મળે છે.સામાન્ય રીતે રાજ્યના સત્તાધારી પક્ષના કોઈ નેતાને ટ્રસ્ટના અધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવે છે. એના અન્ય સભ્યોમાં પણ સાંસદ-ધારાસભ્ય સહિતના નેતા ઉપરાંત વહીવટ માટે વિવિધ આઈએએસ અધિકારીઓ નિયુક્ત કરાય છે. બિન-હિંદુને અહીં પ્રવેશ નથી અને જેમને ભગવાન વેંકટેશ્વરમાં શ્રદ્ધા છે એવા બિન-હિંદુઓએ નિર્ધારિત અરજીપત્રક ભરીને જ પ્રવેશ મેળવવાનો હોય છે. રોજના હજારો શ્રદ્ધાળુમાંથી કોણ હિંદુ અને કોણ બિન-હિંદુ એ જાણવાનું મુશ્કેલ હોય છે,પરંતુ જે બિન-હિંદુ વીવીઆઈપી દર્શને આવે તેમણે તો

અનુસંધાન પાના નં ૭ પર